અપીલ અરજી નં.૬૩૪ તા.૧૮–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) જુની.ઈજનેર એમ.જે. માંજરાવાલા પૂર્વઝોન કચેરીના શહેર વિકાસ વિભાગમાં કયારથી ફરજ પરઆવ્યા(જુની.ઈજનેર તરીકેના) તેની વિગત આપશો. (૨) આ ફરજકાળ દરમ્યાન તેમણે જે જે ગેરકાયદે બાંધકામધારકોને નોટીસ આપી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૪ /૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) જુની. ઈજનેર એમ.જે. માંજરાવાલા પૂર્વઝોન કચેરીના શહેર વિકાસ વિભાગમાં કયારથી ફરજ પર આવ્યા (જુની. ઈજનેર તરીકેના) તેની વિગત આપશો. (૨) આ ફરજકાળ દરમ્યાન તેમણે જે જે ગેરકાયદે બાંધકામધારકોને નોટીસ આપી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૯૦ તા. ૨–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારજગી હોય તો આધાર સહ આપનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/આ.નં./૯૨૧ તા. ૧૭–૩–૧૨થી પૂરક વિગતોમાં કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૯૬૯ તા.૧૦–૧–૧૨થી કાર્યપાલક ઈજનેર–વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મૂળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, નોંધ વિભાગ, પી.આઈ.ઓ. અને એડી.સીટી ઈજનેર વરાછાઝોને અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૯૨૧ તા. ૧૦–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૬૯ તા. ૧૦–૧–૧૨ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) જુની. ઈજનેર એમ.જે. માંજરાવાલા પૂર્વઝોન કચેરીના શહેર વિકાસ વિભાગમાં કયારથી ફરજ પર આવ્યા (જુની. ઈજનેર તરીકેના) તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૨૧ તા. ૧૦–૨–૧૨થી " જુની. ઈજનેરશ્રી એમ.જે. માંજરાવાલા પૂર્વઝોન(વરાછા)માં શહેર વિકાસ વિભાગમાં તા. ૧–૪–૧૧થી ફરજ બજાવે છે" તેવું જણાવેલ.

(૨) આ ફરજકાળ દરમ્યાન તેમણે જે જે ગેરકાયદે બાંધકામધારકોને નોટીસ આપી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. (૩) નોટીસો આપ્યા બાદ જે જે ગેરકાયદે બાંધકામોનું ડીમોલેશન કરવામાં આવ્યું હોય તે બાંધકામ ધારકના નામ, સરનામા, ડીમોલેશન કર્યા તારીખની માહિતી. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં. ૨ અને ૩ માં જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૨૧ તા. ૧૦–૨–૧૨થી " આ ફરજકાળ દરમ્યાન તેમણે જે જે ગેરકાયદે બાંધકામધારકોને નોટીસની નકલ મેળવવા માટે વરાછાઝોન કચેરીએ રૂા. ૩૨/– ભર્યેથી આપવામાં આવશે "તેવું જણાવેલ.

(૪) ડીમોલેશન કરેલ મિલકતો ફોટોગ્રાફસ લેવામાં આવ્યો હોય તો તે તમામ કલર ફોટોગ્રાફસ અથવા સીડીની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી " ડીમોલેશન કરેલ મિલકતમાં કલર ફોટોગ્રાફસ મેળવવા માટે વરાછાઝોન કચેરીએ રૂા. ૬૦/– ભર્યેથી આપવામાં આવશે તેમજ સીડી વરાછાઝોન ખાતે ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી" તેવું જણાવેલ.
(૫) જે જે બાંધકામોનું ડીમોલેશન કરવામાં આવ્યું હોય તે બાંધકામધારકો પાસેથી વહીવટી ચાર્જ પેટે જેટલી રકમ વસુલ કરવામાં આવી હોય તેની મિલકતવાઈઝ નકલ સહિતની વિગત આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી " જે જે બાંધકામોનું ડીમોલેશન કરેલું છે તે બાંધકામધારકો પાસેથી વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ રકમની મિલકતવાઈઝ નકલ વરાછાઝોન કચેરીએ રૂા. ૨૦/– ભર્યેથી આપવામાં આવશે" તેવું જણાવેલ.

વધુમાં અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે અંગે નારાજગી જણાવવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી અત્રે મળેલ જણાતી નથી. તેમ છતાં અરજદારે પણ જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવ્યા અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૮–૨–૧૨ ધ્યાને લેતાં ૧૮–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૯–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી દ્રારા નિયત સમય અવધિ બાદ દસ્તાવેજ ફી ભરવા પાઠવેલ પત્ર કાયદાની કલમ–૭(૩) સાથે સુસંગત ન હોઈ, આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– વરાછાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,